# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 05-02-2025 Day : Wednesday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM- રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, તેમની સરકારે ગરીબ લોકોનાં કલ્યાણ માટે અનેક પગલાં લીધાં છે, જેને કારણે 25 કરોડ લોકો ગરીબી રેખામાંથી બહાર આવ્યા છે. તેમણે જણાવ્યું કે, સરકારની પ્રતિબધ્ધતા, સમર્પણ અને આકરી મહેનતને કારણે આ શક્ય બન્યું છે.

સંસદનાં સંયુક્ત સત્રમાં રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચાના જવાબમાં પ્રધાનમંત્રીએ રાષ્ટ્રપતિના ભાષણની પ્રશંસા કરી હતી.

શ્રી મોદીએ સરકારની અનેક યોજનાઓની સિધ્ધિઓ ગણાવતા જણાવ્યું કે, તેમની સરકાર દ્વારા ગરીબ લોકોને ચાર કરોડ ઘરો પૂરાં પાડવામાં આવ્યા છે, દેશભરમાં 12 કરોડ શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે અને જળ જીવન મિશન હેઠળ 12 કરોડ નળનાં જોડાણ આપવામાં આવ્યા છે.

શ્રી મોદીએ જણાવ્યું કે, છેલ્લાં 10 વર્ષમાં આવકવેરામાં ઘટાડાને કારણે મધ્યવર્ગનાં લોકોની આવકમાં મોટો વધારો થયો છે. તાજેતરમાં અંદાજપત્રમાં સરકારે 12 લાખ રૂપિયા સુધીની આવકને કરમુક્ત કરી છે, જે મધ્યમવર્ગની નાણાકીય સ્થિતિ મજબૂત કરવાની દિશામાં મહત્વનું પગલું છે.

---

## પી.એમ. – મહાકુંભની મુલાકાતે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહાકુંભ મેળાની મુલાકાત લેશે અને પવિત્ર સંગમમાં આસ્થાની ડૂબકી લગાવશે. શ્રી મોદી માં ગંગાની પૂજા અર્ચના પણ કરશે.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જણાવ્યું છે કે, સરકાર મૌની અમાસનાં રોજ મહાકુંભ દુર્ઘટનામાં ઊંડી તપાસ કરશે અને કાવતરાખોરોને ખુલ્લાં પાડશે. તેમણે જણાવ્યું કે, છેલ્લાં 22 દિવસમાં 38 કરોડથી શ્રધ્ધાળુઓએ સંગમમાં પવિત્ર સ્નાન કર્યું છે.

---

## રાજ્યમાં સમાન નાગરિક સંહિતા સમિતિની રચના

ગુજરાતમાં સમાન નાગરિક સંહિતાની આવશ્યકતા ચકાસવા અને કાયદાનો મુસદ્દો તૈયાર કરવા પાંચ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે સર્વોચ્ચ અદાલતના નિવૃત ન્યાયાધીશ રંજના દેસાઈ આ સમિતિના અધ્યક્ષ હશે.

આ સમિતિમાં અન્ય સભ્યો તરીકે નિવૃત્ત વરિષ્ઠ સનદી અધિકારી સી.એલ. મીના, એડવોકેટ આર. સી. કોડેકર તેમજ ભૂતપૂર્વ વાઇસ ચાન્સેલર દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર ગીતાબહેન શ્રોફનો સમાવેશ કરાયો છે. આ સમિતિ 45 દિવસમાં પોતાનો અહેવાલ સરકારને સોંપશે. આ અંગે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે સમાન નાગરિક સંહિતમાં આદિવાસી સમાજના રીતિ-રિવાજોનું સંરક્ષણ કરાશે.

---

# સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીઓ ભાજપના 215 ઉમેદવારો બિનહરિફ

રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની બેઠકો પર ભાજપના કુલ 215 ઉમેદવારો બિનહરીફ જીત્યા છે. રાજ્યની 68 નગર પાલિકાઓની 196 બેઠકો ઉપર ભાજપના ઉમેદવારોની બિનહરિફ જીત થઈ છે.

જે અંતર્ગત જિલ્લાની ભચાઉ અને રાપર નગરપાલિકાની ચૂંટણી આગામી 16 તારીખે યોજાનાર છે. આ ચૂંટણીઓ માટેની તમામ વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ થઈ ગઈ છે. ઉમેદવારી પત્રો પરત ખેંચવાની મુદ્દત પૂર્ણ થતાં ચૂંટણીતંત્રએ બંને પાલિકાઓની ચૂંટણી અંગેની અંતિમ વિગતો જાહેર કરી છે. જેમાં ભચાઉ નગરપાલિકામાં કુલ 7 વોર્ડની 28 બેઠકો પૈકી 17 બેઠકો પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે. આ બિનહરીફ વિજેતા ઉમેદવારોને પ્રાંત અધિકારી દ્વારા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા છે. બાકીની 11 બેઠકો માટે ચૂંટણી યોજાશે.

રાપર નગરપાલિકામાં કુલ 71 ઉમેદવારી પત્રો ભરાયા હતા, જેમાંથી 5 ફોર્મ રદ થયા અને 3 ઉમેદવારોએ પોતાનું ફોર્મ પરત ખેંચ્યું છે. આમ, રાપર નગરપાલિકામાં કુલ 26 બેઠકો માટે મતદાન થશે.

---

## સરકારી આર્યુવેદ હોસ્પિટલ આજે મધુમેહ નિદાન – સારવાર કેમ્પ

સરકારી આયુર્વેદ હોસ્પિટલ ભુજ ખાતે આજે મધુમેહ (ડાયાબીટીસ) અંગે નિ:શુલ્ક નિદાન - સારવાર-સલાહ કેમ્પ યોજાશે. સરકારી આયુર્વેદ હોસ્પિટલ દ્વારા દર મહિનાના પ્રથમ બુધવારે યોજાતા આ કૅમ્પમાં ડાયાબિટીસની સાથે સાથે ખાંસી તેમજ શ્વાસના દર્દીઓને આયુર્વેદિક - હોમિયોપેથીક સારવાર તેમજ એક્સરે સહિતની જરૂરી તપાસ વિનામૂલ્યે કરવામાં આવે છે.

આ કેમ્પમાં દર્દીઓને રોજિંદી જીવન પદ્ધતિ તેમજ આહાર-વિહાર અંગેનું માર્ગદર્શન પણ આપવામાં આવશે. એવું સરકારી આયુર્વેદ હોસ્પિટલની યાદીમાં જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------

## હવામાન

રાજ્યનું લઘુત્તમ તાપમાન બેથી ચાર ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટશે તેવુ હવામાન વિભાગના નિયામક એ.કે. દાસે જણાવ્યું હતું. હાલમાં દક્ષિણ રાજસ્થાનમાં એક સાયકલોનિક સર્ક્યુલેશન સક્રિય છે જેને કારણે ગુજરાત પર ઉત્તર દિશા તરફથી પવન આવવાની શક્યતા વધુ છે. જેથી ઠંડીનો અનુભવ થશે. ત્યારબાદ લઘુત્તમ અને મહત્તમ ઉષ્ણતામાનમાં વધારો થવાની શક્યતાઓ છે.

જિલ્લામાં ગઈકાલે સવારના સમયે ભેજયુકત ઝાકળના માહોલ વચ્ચે ફુંકાયેલા પવને લોકોને ગરમ કપડાં પહેરવા મજબૂર કર્યા હતા. બપોર બાદ પવનની ઝડપમાં ઘટાડો થયો હતો. નલિયા 9.6 ડિગ્રીએ રાજ્યનું સૌથી વધુ ઠંડુ મથક રહ્યું હતું. ભુજમાં 15.4 અને કંડલામાં 15.8 ડિગ્રી લઘુતમ ઉષ્ણતામાન નોંધાયું હતું.

---------------------------------------------------------------------------------------